# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વ્યારા દ્વારા પોષણ અભિયાન અંતર્ગત આંગણવાડી કાર્યકરો માટે 'પાંડુરોગ અને નિવારણ તથા ન્યુટ્રીશનલ કિચન ગાર્ડનીંગ' વિષય પર ઈન-સર્વિસ તાલીમ યોજાઈ.

---

ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ**(ICAR)**,નવી દિલ્હી પુરસ્કુત અને નવસારી કૃષિ યુનિવર્સિટી સંચાલિત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર તાપી જિલ્લામાં કાર્યરત છે.સદર કેન્દ્ર અને સંકલિત બાળ વિકાસ યોજના વ્યારા-૨ ના સંયુકત ઉપક્રમે ડોલવણ તથા વ્યારા તાલુકાની આંગણવાડી કાર્યકરો માટે ઈન- સર્વિસ તાલીમ કાર્યકમનું આયોજન કરવામાં આવ્યું હતું.તાલીમનો મુખ્ય હેતુ ગ્રામ્ય મહિલાઓ તથા કિશોરીઓમાં પાંડુરોગઅટકાવવા માટેનો હતો.કારણ કે ભારત સરકાર દ્વારા પોષણ અભિયાન અંતર્ગત તાપી જિલ્લાને ઈનોવેશન પ્રોજેક્ટ **"Anemia prevention in pregnant and Adolescent girls through the use of iron utensils and promotion of kitchen garden"** આઈ.સી.ડી.એસ. શાખાને ફાળવવામાં આવેલ છે. જેને અનુસંધાને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વ્યારા દ્વારા આંગણવાડી કાર્યકરોને ટેક્નીકલ તાલીમ તા.૨૯/૦૨/૨૦૨૦, તા.૦૪/૦૩/૨૦૨૦, તા.૦૫/૦૩/૨૦૨૦ અને તા.૦૭/૦૩/૨૦૨૦ એમ ચાર દિવસની અલગ અલગ બેચમાં આપવામાં આવી હતી. સદર ઈન-સર્વિસ તાલિમમાં કુલ ૧૭૩ આંગણવાડી કાર્યકરોએ ઉમંગભેર ભાગ લીધો હતો.

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વ્યારાના ગૃહવિજ્ઞાન વિભાગના વૈજ્ઞાનિક શ્રીમતી આરતીબેન સોનીએ આંગણવાડી કાર્યકરોને પાંડુરોગ,તેના ચિહ્નો,પાંડુરોગ થવાના કારણો,પ્રકાર,સારવાર અને તેને અટકાવવા માટે ખોરાક્માં લેવાતા જરૂરી ખાધ્યપદાર્થો વિષે સવિસ્તાર માહિતી આપી હતી.વધુમાં,તેમણે સિકલસેલ એનીમિયા,પ્રકાર,વારસામાં મળવાનાં કારણો તેમજ સમાજમાં સિકલસેલ એનીમિયાને અટકાવવા માટે જરૂરી સુચનો વિષે માર્ગદર્શન આપ્યું હતું. ઉપરાંત, ન્યુટ્રીશનલ કિચન ગાર્ડનીંગનું મહત્વ અને નકૃ.યુ. નું આદર્શ કિચન ગાર્ડન મોડલ વિશે ટેક્નીકલ માહિતી આપી હતી.

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વ્યારાના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડૉ.સી..ડી.પંડ્યાએ ઉપસ્થિત તાલિમાર્થીઓને આ તાલીમ થકી ગ્રામ્ય કક્ષાએ મહિલાઓ, સગર્ભા સ્ત્રીઓ,

ધાત્રીમાતા,કિશોરીઓને 'પાંડુરોગ તથા ન્યુટ્રીશનલ કિચન ગાર્ડન' વિશે વધુમાં વધુ માહિતી આપવા પર ભાર મુકયો હતો

સદર તાલીમ દરમિયાન જિલ્લા આયુર્વેદિક ઓફિસરશ્રી ડૉજયશ્રીબેન ચૌધરી તથા આયુર્વેદિક મેડિકલ ઓફિસરશ્રી ડૉઅંકિતાબેન ગામીતએ તાલીમાર્થી મહિલાઓને વિવિધ આયુર્વેદિક ઔષધિઓના ઉપયોગ થકી પાંડુરોગ અટકાવવા માટેની વિસ્તૃત માહિતીપૂરી પાડી હતી.

તાલીમ શરૂ થતાં પૂર્વે અને તાલીમ પૂર્ણ થયા બાદ આંગણવાડી કાર્યકરોને પ્રશ્નોતરી આપી સર્વેનું શ્રીમતી આરતીબેન સોની દ્વારા મુલ્યાંકન કરવામાં આવ્યું હતુંઅને તેમણે સર્વ તાલિમાર્થીઓને આ તાલીમ થકી જે ટેકનીકલ માહિતી મેળવી છે તે તેઓના ગામની મહિલાઓને માર્ગદર્શન આપી દરેકને જાગૃત કરવા માટે સૂચન કર્યુ હતું સમગ્ર કાર્યક્રમનું આયોજન કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વ્યારાના સહયોગથી શ્રીમતી ધનુબેન, બાળવિકાસ યોજના અધિકારી, વ્યારા, ઘટક-૨ એ કર્યુ હતું

